# બનાસકાંઠામાં સારા વરસાદને લઈ મગફળીનું મબલક ઉત્પાદન થયું



પાલનપુર તા. ૮
બનાસકાંઠા જિલ્લામાં સારા પ્રમાણમાં વરસાદ થવાને લઈ મગફળીનું મબલક ઉત્પાદન થયું છે અને મગફળીમાં બજાર ભાવો પણ ઉંચા રહેતા પાલનપુરનું માર્કેટયાર્ડ મગફળીના પાક થી ઉભરાવા લાગ્યું છે. જોકે પાલનપુર માર્કેટયાર્ડમા સીઝનમાં મગફળીની અત્યારસુધીમા પાંચ લાખ ઉપરાંતની બોરીની આવક નોંધાઈ ચુકી છે.

સરકાર દ્વારા મગફળીના પાકમાં ટેકાનો ભાવ ૧૧૭૦ નક્કી કરાયો છે જ્યારે બનાસકાંઠા જિલ્લાના માર્કેટયાર્ડમાં મગફળીના ભાવ ૧૧૦૦ થી ૧૫૦૦ ઉપરાંત ચાલી રહ્યો હોય અને જિલ્લામાં ગત ચોમાસામાં સારા પ્રમાણમાં વરસાદ પડવાથી મગફળીના પાકનું વિપુલ માત્રામાં ઉત્પાદન થવા પામ્યુ હોઈ ખેડૂતોએ મગફળી ના પાક સરકારી ટેકાના નીચા ભાવ મેળવવાના બદલે બજારમાં ચાલતા ઊંચા દામ મેળવવા માટે પોતાનો મગફળી નો પાક હોંશેહોંશે માર્કેટયાર્ડમાં ભરાવી ઉંચા ભાવ મેળવી રહ્યા છે. જેને લઈ પાલનપુર માર્કેટયાર્ડમાં સીઝનમાં અત્યાર સુધીમાં પાંચ લાખ ઉપરાંતની મગફળીના પાકની બોરીઓની જંગી આવક થવા પામી છે. તેમજ ખેડૂતો રોજે રોજ ઉંચા ભાવ મેળવવા પાલનપુર માર્કેટયાર્ડમાં મગફળીનો પાક ભરાવવા ઉમટી પડતા હોય માર્કેટયાર્ડ પણ મગફળીના પાક થી ઉભરાવા લાગ્યું છે જેને લઈ વેપારીઓ તેમજ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**ધાનેરાનાં નથાભાઈ પટેલ સ્થાનિક ધારાસભ્ય હોવા છતાંય...**

# ધાનેરાને ૧૦ વર્ષ પાછળ ધકેલી દીધું : લોકોમાં ચાલતી ચર્ચા

ધાનેરા તા. ૮
ધાનેરા વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે અનેક મોટા માથાઓ લાઈનમાં જોડાઈ રહ્યા છે. ત્યારે બહુમતી સમાજના ધારાસભ્યો જો સ્થાનિક હોવા છતાં તેઓએ કોઈ ધાનેરા તાલુકાનું વિકાસનું કામ કરેલ જોવા મળતું નથી. ફક્ત સમાજના હિતો અને પોતાના હિતોનું ધ્યાન રાખ્યું છે. સ્થાનિક ધારાસભ્યની વાત કરે છે તો આ ધારાસભ્ય સ્થાનિક હતા. પણ કોઈ કામ કર્યું નથી અને ધાનેરાને ૧૦ વર્ષ પાછળ ધકેલીને તાલુકા નો વિકાસ રૂંધાયો છે અને ફરી મલાઈ ખાવા માટે લાઈનમાં લાગી ગયા છે. માટે આ વખતે ધાનેરા માં વિકાસ નું કામ કરે અને લોકોને સગવડ અને સુવિધા મળે તેવા ધારાસભ્ય ની જરૂર છે. તેવો સૂર ધાનેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અને શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા પ્રજાજનોમાં ઉઠવા પામ્યો છે. પાંચ વર્ષ પોતાની મનમાની ચલાવી ધારાસભ્ય ફરી મલાઈ ખાવા માટે લોકોને હાથ જોડી રહ્યા છે. પરંતુ પ્રજા બધું સમજે છે માટે આવા ધારાસભ્યો ને પ્રજા પાઠ ભણાવે તે જરૂરી છે.



**ધાનેરામાં ખુલ્લેઆમ દારૂ પીને ધમાલ મચાવતી મહિલા !**

# પોલીસની રહેમ નજર હેઠળ ચાલતા શરાબના અડ્ડાવાળાઓ અને પોલીસ નગરજનો એ તમાશો માણ્યો



ધાનેરા તા. ૮
ધાનેરા માં બસ સ્ટેન્ડ પાસેના ત્રિકોણીયા શોપિંગ સેન્ટર પાસે દારૂ પીને મહિલાએ મચાવ્યો તરખાટ દારૂ પીને મહિલાએ ખુરશી ઉછાલી તો ક્યાંક લારીઓને ધક્કો મારી પલટી મારી.

ત્રીજા માળેથી ખુરશી નીચે ફેંકી તો બાઈક પર ધોકા મારીને કર્યું નુકશાન રેડીમેડની દુકાનમાં પણ ઘુસીને ગાળો બોલી કપડાં ફેંકી દીધા હતાં.

અને દારૂ પીને મહિલાએ તરખાટ મચાવતા લોકોના ટોળેટોળા... સ્થાનિકોએ ધાનેરા પોલીસને જાણ કરવામાં આવતા ધાનેરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

# ડીસા તાલુકા પોલીસે યાવરપુરા ગામેથી વિદેશી દારૂ ઝડપ્યો

**રૂ.૩૪,૪૨૦ ના મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત**



ડીસા, તા.૮
સરહદી રેન્જ,ભુજના પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોથલીયા તથા બનાસકાંઠા-પાલનપુરના પોલીસ અધીક્ષક અક્ષયરાજ મકવાણાએ દારૂબંધીનું કડક અમલીકરણ કરી ગેરકાયદેસર રીતે થતી દારૂની હેરાફેરી, વિક્રય તથા સેવન અટકાવવા અને વધુમાં વધુ દારૂના કેસો કરવા સુચના કરેલ. જે અન્વયે ડીસાના નાયબ પોલીસ અધીક્ષક ડૉ. કુશલ ઓઝાના માર્ગદર્શન તળે તથા ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.પટણીની રાહબરીમાં ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ પ્રયત્નશીલ હતા.દરમ્યાન આજ રોજ ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે યાવરપુરા ગામના નરસિહજી ઉર્ફે નરેશભાઈ કપુરજી જાટ પોતાના કબજા ભોગવટાના ખેતરમાં બનાવેલ રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે જે બાતમી આધારે રેઈડ કરતા આરોપીને ગેરકાયદેસરની ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૦૫ (કિ.રૂ. ૨૯,૪૨૦) તથા મોબાઈલ ફોન નંગ-૧, (કિ.રૂ.૫૦૦૦/-) એમ કુલ રૂ. ૩૪,૪૨૦ /- ના મુદ્દામાલ સાથે પકડી પાડી વિદેશી દારૂ વેચાણનો પર્દાફાશ કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસની 'પરિવર્તન યાત્રા'નું ભવ્ય સ્વાગત કરાયું

**સવાર ના ૧૧ વાગ્યા ની પરિવર્તન સંકલ્પ યાત્રા બપોરના ૩.૩૦ કલાકે આવી : કોગ્રેસના કાર્યકરો આગેવાનો ખડેપગે ઉભા રહ્યા : પરિવર્તન યાત્રા લઇ આવેલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે ભાજપ ઉપર પ્રહાર કર્યા : નફટના પેટના, લુખાઓને ઈંટનો જવાબ પથ્થરથી મળશે : સત્તા મળશે તો ગેસની બોટલ ૫૦૦ મા તથા લાઈટ બીલ ૩૦૦ યુનિટ સુધી બીલ : કોરોનામાં મૃત્યુ પામેલ પરિવારોને ૪ લાખની સહાય : કોરોના મા મૃત્યુ પામેલ વ્યક્તિ ના પરિવાર ના સભ્ય ને સરકારી નોકરી આપીશુ : આ સરકાર સામે વેપારીઓ રીક્ષાવાળા બોલી પણ શકતા નથી : રેલ્વે, એરપોર્ટ, એલઆઈસી કોંગ્રેસે ઉભુ કરેલ પોતાના મોજશોખ માટે બધુ વેચી નાખ્યુ**





પ્રાંતિજ તા.૭
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ પરિવર્તન સંકલ્પ યાત્રા આવી પહોચતા પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કર્યુ

પ્રાંતિજ ખાતે કોંગ્રેસ ની પરિવર્તન યાત્રા સવાર ના ૧૧ વાગ્યા ની જગ્યાએ બપોરના ૩।૩૦ કલાકે આવી તો કોંગ્રેસ કાર્યકરો આગેવાનો બપોર સુખી ખડેપગે ઉભા રહ્યા હતાને કોંગ્રેસ પરિવર્તન સંકલ્પ યાત્રા ને આવકારી હતી અને ભવ્ય સ્વાગત કર્યુ હતુ તો યાત્રા લઈ ને આવેલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે સભા મા ભાજપ ઉપર શબ્દો ના પ્રહાર કર્યા હતા અને નફટ ના પેટના , લુખાઓને ઈંટનો જવાબ પથ્થર થી મળશે અને કોંગ્રેસ સત્તામા આવશેતો મારી બહેનોને ગેસ ની બોટલ હાલ ૧૧૦૦ની છે તે ૫૦૦ તથા લાઈટ બીલ મા ૩૦૦ યુનિટ સુધી બીલ તથા કોરોના મા મૃત્યુ પામેલ પરિવાર ને ૪ લાખ ની સહાય તથા કોરોના મા મૃત્યુ પામેલ પરિવાર ના એક સભ્ય ને સરકારી નોકરી આપીશુ તો આ સરકારમાં વેપારીઓ અને રીક્ષા વાળા બોલી પણ શકતા નથી જયારે રેલ્વે, એરપોર્ટ, એલઆઈસી, કોંગ્રેસે ઉભુ કરેલ પણ પોતાના મોજશોખ માટે બધુ વેચી નાખ્યુ ત્યારે આ વખતે ૧૨૫ સીટો આવશે તો ઠેરઠેર સ્વાગત ને લઈ ને પરિવર્તન યાત્રા મોડી આવતા કોંગ્રેસ કાર્યકરો આગેવાનો અને કોંગ્રેસ પરિવાર ના લોકોની માફી પણ માંગી હતી તો આ પ્રસંગે કોંગ્રેસ કાર્યકરો આગેવાનો અને કોંગ્રેસ ના ટીકીટ ની માંગ કરેલ ઉમેદવારો તથા તેમના સમર્થકો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી 'આપ' માં ભડકો : સ્થાનિક ઉમેદવારની બાદબાકી થતાં રાહુલ સોલંકીના સમર્થકો નારાજ વિરોધની પણ ચીમકી

મોડાસા, તા. ૮
વિધાનસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીમાં ભંગણા સર્જાય તેવા એંધાણ જોવા મળી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં સારો દેખાવ કરનારી આમ આદમી પાર્ટીમાં હવે ભડકો થયો છે. ચૂંટણીને લઈને ૩૧ મોડાસા વિધાનસભા બેઠક પર રાજેન્દ્રસિંહ પરમાના નામની જાહેરાત થતાં જ રાહુલ સોલંકીના સમર્થકોમાં નારાજગી જોવા મળી રહી છે, એટલું જ નહીં રાહુલ સોલંકીના સમર્થનમાં રહીને આગામી દિવસોમાં રાજીનામા સહિત દેખાવો કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

મોડાસા વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ પરમારનું નામ જાહેર કરાયું છે, નામ જાહેર થતાં જ મોડાસા આમ આદમી પાર્ટીમાં ભડકો થયો અને વિરોધના સૂર જોવા મળ્યા હતા. મોડાસા તાલુકા પંચાયતના સભ્ય અને પાયાના કાર્યકર તરીકે કાર્યરત રાહુલ સોલંકીને ટિકિટ આપવાની ઉગ્ર માંગ આપના સમર્થકોએ કરી છે. આ પહેલા મોડાસા હજીરા વિસ્તારમાં પણ મોટી સંખ્યામાં આપના કાર્યકરો એકત્રિત થયા હતા ત્યારે મંગળવારના રોજ પણ આપના કાર્યકરો મોડાસાના ગાજણ ખાતે એકઠા થઈને વિરોધ દર્શાવ્યો હતો.




# ધાનેરા પંથકના શ્રી સુખદેવપુરીજી મહારાજ ધામ વાલેર ખાતે દેવદિવાળીનો મહામેળો



ધાનેરા તા.૮
ધાનેરા તાલુકાના વાલેર સ્થિત શ્રી સુંદરપુરીજી મહારાજ ધામ શિતોળા ધોરે કારતક સુદ પૂનમ ને દેવદિવાળી નિમિત્તે મહામેળો યોજાયો હતો . જેમાં ૨૦ હજારથી વધુ લોકોએ દર્શન અને ભોજન પ્રસાદ નો લાભ લીધો હતો વાલેર ધામ ના પરમ પૂજય મહંત ૧૦૦૮ શ્રી સુખદેવપુરીજી મહારાજ ના સાનિધ્યમાં યોજાયેલા મહામેળામાં સંતો મહંતો સહિત બનાસકાંઠા ના સાંસદ પરબતભાઈ પટેલ ભોજન પ્રસાદ દાતા અને ડીસા એપીએમસી ચેરમેન માવજીભાઈ દેસાઈ બનાસ બેંક ના ચેરમેન સવસીભાઈ ચૌધરી પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિત જગદીશભાઈ પટેલ સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. વાલેર સહિત આસપાસના ગ્રામજનો વાજતે ગાજતે મંદિર એ પહોંચી સુંદરપુરીજી મહારાજ ને નેજા ચઢાવ્યા હતાં વાલેર ધામ ના મહંત શ્રી સુખદેવપુરીજી મહારાજ એ ભૈજન દાતા માવજીભાઈ દેસાઈ નું સ્વાગત કરી આશીર્વાદ આપ્યાં હતાં.

# બનાસકાંઠાની યુવતી પ્રથમ પતિ અને બે પુત્રોને છોડી બીજી વખત પ્રેમ લગ્ન કર્યા

**લુડો ગેમ રમતાં પતિને યુવતી સાથે પ્રેમ પાંગર્યો, પત્નીને માર મારતા ૧૮૧ અભયમ મદદે આવી : બીજો પતિ લુડો ગેમ રમતી વખતે ચેટ દરમિયાન પરપ્રાંતીય યુવતીના પ્રેમમાં પડ્યો હતો**

પાલનપુર તા.૮
બનાસકાંઠા જીલ્લાની એક યુવતી પ્રથમ પતિ અને બે બાળકોને મુકીને તેના પ્રેમી સાથે ઘર માંડ્યું હતુ. જોકે, તે પણ ઓનલાઇન લૂડો ગેમ રમતી વખતે પરપ્રાંતિય યુવતીના પ્રેમમાં પડી દારૂ પી ત્રાસ ગુજારતો હતો. આથી તેણીએ બનાસકાંઠા ૧૮૧ અભયમની મદદ લેતાં વ્હારે આવેલી ટીમે ત્રાસમાંથી મુક્તિ અપાવી હતી.

બનાસકાંઠા જીલ્લાના એક શહેરમાં રહેતી યુવતીએ પ્રથમ લગ્ન કર્યા પછી તેના પતિથી બે પુત્ર જનમ્યા હતા. જોકે, અન્ય યુવક સાથે આંખ મળી જતાં તેના પ્રેમમાં પડી હતી. અને સાત વર્ષ અગાઉ પતિ અને બે પુત્રોને ત્યજી એક વર્ષ સુધી તેના પ્રેમી સાથે રિલેશનશીપમાં રહી હતી. જે બાદ પતિએ છુટાછેડા આપતાં પ્રેમી સાથે લગ્ન કરી ઘર માંડ્યું હતુ. જેને અત્યારે બે દીકરીઓ છે. જોકે, તેનો બીજો પતિ ઓનલાઇન લૂડો ગેમ રમતો હોઇ ચેટ કરતી વખતે પરપ્રાંતિય યુવતીના સંપર્કમાં આવ્યો હતો. અને બંને પ્રેમમાં પડ્યા હતા. પતિ ઘરે આવી દારૂ પી તેની પત્નિને માર મારતો હતો. શારિરીક- માનસિક ત્રાસ ગુજારતો હતો. આથી તેણીએ બનાસકાંઠા ૧૮૧ અભયમની મદદ માંગતા કાઉન્સેલર મહિલા પોલીસ સાથે તેણીના ઘરે ગયા હતા. જ્યાં કાઉન્સિંગ કરી પતિને સમજાવી ત્રાસમાંથી મુક્તિ અપાવી હતી.

# તંત્ર અને રાજકીય પાર્ટીના આગેવાનો દ્વારા ૧૦૦ ટકા મતદાન થાત તે માટે પુરતા પ્રયાસો કરવામાં આવશે

**બનાસકાંઠામાં ૫ ડિસેમ્બર મતદાનના દિવસે જ ૨૦૦૦ લગ્નના મુહૂર્ત : મતદાન ઉપર અસર થવાની પૂરેપૂરી શક્યતા**

પાલનપુર તા. ૮
ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૨ના દિવસે થવાનું છે. લોકશાહીના આ પર્વે ૧૦૦ ટકા મતદાન થાય તે માટે તંત્ર અને રાજકીય પક્ષો દ્વારા અત્યારથી જ મતદારોમાં જાગૃતિ લાવવામાં આવી રહી છે. જોકે, બનાસકાંઠા જિલ્લામાં મતદાનના દિવસે જ ૨૦૦૦ લગ્નોના મૂર્હૂત હોવાથી મતદાન ઉપર સીધી અસર થવાની પુરેપુરી શક્યતાઓ છે.

લોકશાહિનું પર્વ
વિધાનસભાની ચૂંટણીઓ આવે હવે માત્ર એક માસનો જ સમય બાકી રહ્યો છે. રાજકીય પક્ષો દ્વારા તેમના ઉમેદવારોની પસંદગીન પ્રક્રિયાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. બીજી તરફ વહિવટીતંત્ર અને ચૂંટણીતંત્ર દ્વારા આ ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન થાય તે સેલ્ફી પોઈન્ટ સહિત અન્ય માધ્યમો થકી જાગૃતિ લાવવામાં આવી રહી છે. આવી સ્થિતિ વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં ૫ ડિસેમ્બરે મતદાનમાં મોટી ઓટ આવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ અંગે શાસ્ત્રી બાલકૃષ્ણ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, આ વખતે લગ્નના મૂર્હુત ૨૫ નવેમ્બરથી ૧૪ ડિસેમ્બર ૨૦૨૨ સુધી છે. જેમાં ૫ ડિસેમ્બરે શુભ મુર્હૂત હોઇ બનાસકાંઠા જિલ્લામાં ૧૫૦૦ થી ૨૦૦૦ લગ્નો લેવાશે.

**એક લગ્નમાં ૭૦ લોકો રોકાય તો ૧.૪૦ લાખ મતદાન ઓછું થાય**

જે પરિવારોમાં લગ્ન હશે તેઓ વહેલી સવારથી જ પ્રસંગમાં રોકાયેલા હશે. જાનમાં જનારા, માંડવાના મહેમાનો પણ પ્રસંગમાં વ્યસ્ત હશે. એક લગ્નમાં આશરે ૭૦ લોકો રોકાયેલા રહે તો પણ ૨૦૦૦ પરિવારોના ૧,૪૦,૦૦૦ લોકો મતદાનથી અલિપ્ત રહે તેવી શકયતાઓ છે.

**પહેલા મતાધિકાર પછી જ લગ્નની વિધી**

કરશનપુરાના લાલાજી ઠાકોરે જણાવ્યું કે, ૫ ડિસેમ્બરે બંને દીકરીઓના લગ્ન છે. જોકે, અમે લગ્નની વ્યસ્તતા વચ્ચે પણ પ્રથમ મતદાન કરીને પછી જ લગ્ન પ્રસંગ સાચવીશું, વેવાઈ પક્ષને પણ હાલથી જ જણાવી દીધુ છે કે, મતદાન કર્યા પછી જ જાન લઈને આવે.

**સ્થાનિક કાર્યકરો પરિવારને સમજાવી મતદાન કરાવશે : ગુમાનસિંહ ચૌહાણ (પ્રમુખ, બનાસકાંઠા જિલ્લા ભાજપ)**

૫ ડિસેમ્બરે મતદાનના દિવસે લગ્ન પ્રસંગમાં સક્રિયા રહેલા લોકો મતદાન બુથ સુધી જાય અને પોતાનો કિંમતી મત આપે તે માટે જે- તે ગામના સ્થાનિક કાર્યકરોને તેમના ઘરે મોકલી વધુમાં વધુ લોકોને સમજાવી મતદાન કરે તેવું આયોજન કરીશુ.

**સવારે નહી તો સાંજે પણ મતદાન કરાવીશું : ભરતસિંહ વાઘેલા (પ્રમુખ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ)**

૫ ડિસેમ્બરે લોકો લગ્ન પ્રસંગમાં જાય તે પહેલા મતદાન બુથે પહોચે તે માટે અથવા તો સાંજના સુમારે પણ તેઓ અવશ્ય મતદાન કરે તે માટે અમો પુરતા પ્રયત્નો કરીશુ.

**જગાણામાં રેન્ડમાઈઝેશન ઈવીએમ અને વીવીપેટ ફાળવવાની કાર્યવાહી કરાઇ**

પાલનપુર નજીક જગાણામાં ડેડીકેટેડ ઈ.વી.એમ. વીવીપેટ વેરહાઉસમાં ઉપલબ્ધ ઈવીએમ અને વીવીપેટ પૈકી કઇ વિધાનસભા વિભાગ ખાતે મોકલવા તે નક્કી કરવા માટે કલેક્ટર આનંદ પટેલ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં કમ્પ્યુટરાઈઝ્ડ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યુ હતું. ઈ.વી.એમ.વીવીપેટ જે તે વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીઓને ફાળવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

**ગઇ ચૂંટણીમાં ઓછું મતદાન ત્યાં "અવસર રથ" દ્વારા જાગૃતિનો પ્રયાસ**

૨૦૧૭ની સામાન્ય ચૂંટણીમાં જે વિધાનસભા મતદાર વિભાગના મતદાન મથકોમાં ઓછું મતદાન થયું હતું તેવા ૧૦ મતદાન મથકોએ અવસર રથ દ્વારા મતદાન વધારવા માટે અવસર રથ દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એચ. કે. ગઢવીએ જણાવ્યુ હતુ કે આ રથ વધુ મતદાન થાય એ માટે લોકોને સમજાવશે.